
બહાદુર મોલી અને હું

જેન ઓ'કોનર

ચિત્ર: શેઈલા હમાનાકા




બહાદુર મોલી અને હું

જેન ઓ'કોનર

ચિત્ર: શેઈલા હમાનાકા



મોલી બહુ બહાદુર છે.
બીજી કક્ષાના કોઈ પણ
બાળકની તૂલનામાં
એનામાં વધારે હિમ્મત છે.
મોલી એક પગ ઉપર
મન્કી બાર્સની ઉપર
ઉભી રહી શકે છે.



જયારે નિકી એના શાળાના ટેબલમાં
પાણીના મરેલા જીવડાં સંતાડે છે

તો એ જરાય ડરતી નથી.



અને જયારે મોટા છોકરાઓ એને ચીડવે છે,

તો મોલી એને ખિજાઈને

ત્યાંથી ચાલ્યા જવાનું કહે છે.



મોલી ખરેખર બહુ બહાદુર છે.


કાશ કે હું પણ એના જેવી હોત.

આજે બપોરના ભોજનની લાઈનમાં મોલીએ
મને કહ્યું,

"બેથ, શું તું આ સપ્તાહના અંતમાં

અમારા ગામના ઘરમાં મારી સાથે આવીશ?

ત્યાં તને બહુ મજા આવશે."




વાહ!

મને લાગે છે કે મોલી મને

સાચે જ પસંદ કરે છે.

એ વિચારીને મને બહુ સારું લાગ્યું.



પણ હું પહેલા ક્યારેય મારા ઘરથી દૂર રહી નથી.
જો ત્યાં મને ઘરની યાદ આવે તો?
જો મને ત્યાંનું ખાવાનું ભાવ્યું નહીં તો?



જો ત્યાં ઘણા જંગલી જાનવર હોય તો?
હું ખાતરી સાથે કહી શકતી ન હતી
કે હું ત્યાં જવા ચાહું છું કે નહીં.





હું મોલી સાથે એક ટેબલ પર બેઠી.
મેં એને કહ્યું,
"વાહ, મોલી, તારું આમંત્રણ સરસ છે.
પણ મને ખબર નથી
કે મારા માતા-પિતા હા કહેશે કે ના."

એ રાતે
મોલીની માઁ એ મારી માઁ ને ફોન કર્યો.
મારી માઁ એ હા પાડી.
પછી હું કેવી રીતે ના પાડી શકતી હતી?
બધું નક્કી થઈ ગયું.
મોલીના માતા-પિતા શનિવારે સવારે
મને લેવા આવવાના હતા.



શુક્રવારે રાતે મેં મારો સામાન પેક કર્યો.
પછી મારી માઁ એ મને બિછાનામાં સૂવડાવી દીધી.
"મને ડર છે કે મને તમારી યાદ આવશે,"
મેં કહ્યું.
"મને ખાતરી છે કે હું બધો સમય રડતી રહીશ.
ત્યારે મોલી વિચારશે કે હું એક નાની બેબી છું.
પછી એ મને પસંદ નહીં કરે."
મારી માઁ એ મને ગળે લગાવી.
"ત્યાં તને બહુ મજા આવશે.
અને જો કંઇ થશે, તો મોલી સમજી જશે
કે તને ઘરની થોડી યાદ આવી રહી છે."
પછી મારી માઁ એ મને બે વાર ચૂમી.
"એક ચુંબન આજ રાત માટે.
બીજું કાલ રાત માટે
જયારે તું મોલીના ઘરે હોઈશ."





મોલીના માતા-પિતા
બીજે દિવસે વહેલાં આવ્યા.
હું ભયભીત હતી.
પણ હું ઉત્સાહિત પણ હતી.



સૌથી મોટી વાત એ હતી કે
હું મોલીની સામે મારો
ડર દેખાડવા ચાહતી ન હતી.
એટલે મેં મારા માતા-પિતાને આવજો કહ્યું
અને પાછલી સીટ પર બેસી ગઈ.



મોલીનો કૂતરો અમારી વચ્ચે બેસી ગયો.
"આ બુચ છે," મોલીએ કહ્યું.
તરત બુચે મને ચાટવાનું શરુ કરી દીધું.
મને મોટા કૂતરાથી બહુ ડર લાગે છે.



પણ શું મેં મારો ડર જાહેર કર્યો?
જરાય નહીં!
મેં એવો અભિનય કર્યો
જાણે મને કૂતરાનું ચાટવાનું
બહુ ગમતું હોય!

બપોર સુધી અમે મોલીના ઘરે પહોંચ્યા.

એનું ઘર

એક ટેકરીની ટોચ પર

સાવ એકલું ઉભું હતું.

"અહીં પહેલા ક્યારેક એક ખેતર હતું,"

મોલીની માઁ એ મને કહ્યું.


"આ ઘર 150 વરસ જૂનું છે."

મને નવા ઘર પસંદ છે.

મને ભૂત-પ્રેત પસંદ નથી.

પણ મેં એ વાત

મોલીની માઁ ને કહી નહીં.





બપોરના ભોજન પછી

અમે બેરી તોડવા ગયા.

બેરી તોડવાનું સાંભળવામાં મજેદાર લાગે પણ પછી મેં ઝાડીઓમાં

ઘણા ભમરા જોયા.


હું એને અડવા ચાહતી ન હતી.

પણ મોલીએ એને ભગાવી દીધા.

પછી મેં પણ થોડી કોશિશ કરી.

"અરે! આ તો બહુ મજેદાર છે," મેં કહ્યું.

"મેં આ પહેલા ક્યારેય આવી રીતે બેરી તોડી ન હતી."



અમે ઘણી બેરી ખાધી.
એનો લાલ રસ મારા ચહેરા
અને હાથોમાં લાગી ગયો.
મેં એ લોહી હોય એવું નાટક કર્યું
અને કહ્યું કે હું એક લોહી ચૂસનારું વાગોળ છું.



મેં મોલીનો ચારે બાજુ પીછો કર્યો.
"તું જાણે છે શું?" મેં એને કહ્યું.
"મને બહુ ખુશી છે કે
હું તારી સાથે તારા ઘરે આવી."



પછી અમે જંગલી ફૂલોની શોધમાં ગયા.

એ કામ મને સારું અને સુરક્ષિત લાગ્યું.

પહેલા અમે એક ઝરણાં પાસે ગયા.

ઝરણાંને સામે પાર જવા માટે એક લાકડાનું ઢીમચું પડયું હતું.



મોલી દોડીને પાર કરી ગઈ.

મોલીમાં કેટલી હિમ્મત છે!

બુચ પણ સામે પાર દોડીને ગયો.

મેં ઢીમચાંને તાકીને જોયો.

"શું આ બાજુ કોઈ જંગલી

ફૂલ નથી?" મેં પૂછ્યું.

મોલીએ એનું માથું હલાવ્યું.

"સૌથી સુંદર ફૂલ ત્યાં છે,

ચાલ, બેથ. જરાય ડર નહીં.

બસ ઢીમચાંને પાર કર -

એ કામ બહુ સરળ છે."





"ઠીક છે," મેં મારી જાતને કહ્યું.

"મારે કાયરની જેમ વર્તવાનું બંધ કરવું પડશે."

પછી હું નાના-નાના પગલાં મૂકીને

ઢીમચાં પર ચાલવા લાગી.

અંતની નજીક હું ગબડી પડી.

ઉફ્ફ! હું નીચે પડી.

"શું તું બરાબર છે?" મોલીએ પૂછ્યું.

મેં માથું હલાવ્યું,

પણ મારી પીઠમાં બહુ પીડા થઈ રહી હતી.





અમે થોડી વાર ફૂલ તોડયા.

અને જયારે અમે પાછા ફરવા નીકળ્યા,

તો મેં ઢીમચાંને ભાંખડીયે ચાલીને પાર કર્યો.

પણ મોલીએ મને ચીડવી નહીં.

મને ખબર હતી કે હું મૂર્ખ લાગી રહી છું.



ઘરે પાછા ફરતા

બુચે એક સસલું જોયું.

એણે એને મકાઈના ખેતરમાં ધકેલ્યું.

"મૂર્ખ કૂતરો!" મોલીએ કહ્યું.

"એ પેલા સસલાંને ક્યારેય પકડી નહીં શકે.

આપણે બુચને શોધવા જવું જોઈએ."



"અરે બાપરે!" મેં વિચાર્યું.

પણ હું મોલીની પાછળ-પાછળ અંદર ગઈ.

અમે બુચના ભસવાના અવાજની

પાછળ-પાછળ ગયા.

હે ભગવાન, એ ખેતર કેટલું મોટું હતું!

ભુટ્ટા અમારાથી બહુ ઊંચા હતા.

એવું લાગી રહ્યું હતું કે

એ ખેતર માઈલો સુધી ફેલાયેલું હતું.



આખરે અમને બુચ દેખાયો.
મોલીએ દોડીને એને ગળે લગાવ્યો.
પછી એણે મારો હાથ પકડીને ખેંચ્યો.
"આ જગ્યા બહુ ડરામણી છે,"
મોલીએ કહ્યું.
"ચાલ અહીંથી ગમે તેમ બહાર નીકળીએ."



પણ મને ત્યાં કોઈ ડર ન લાગ્યો.
ત્યાંથી બહાર નીકળવું સહેલું ન હતું.
બધી બાજુ મકાઈ એક-સરખી દેખાતી હતી.
બહુ ગરમી હતી અને ત્યાં જોવાનું મુશ્કેલ હતું.
કીડા અમારા ચહેરા ઉપર ઉડી રહ્યા હતા.
એવું લાગી રહ્યું હતું જાણે અમે
એકસરખા ગોળ-ગોળ ફર્યા કરતા હતા.

"શું બુચ રસ્તો શોધવામાં આપણી
મદદ ન કરી શકે?" મેં પૂછ્યું.

મોલીએ "ના" માં એનું માંથી હલાવ્યું.

"બુચ એનું કૂતરા-ઘર પણ શોધી નથી
શકતો."

પછી મોલી જોર-જોરથી આંખો ઝપકાવવા
લાગી.

અને એનું નાક વહેવા લાગ્યું.

"બેથ," એણે કહ્યું,

"આપણે સાચે જ અહીં ફસાઇ ગયા છીએ.

મને બહુ ડર લાગે છે."

શું બહાદુર મોલી ડરી ગઇ હતી?

મને માનવામાં આવતું ન હતું!

પછી મેં એનો હાથ પકડયો.

"ડર નહીં," મેં એને કહ્યું.

જોકે હું પણ ડરેલી હતી.

"આપણે અહીંથી નીકળી જશું."





ત્યાં મને એક વિચાર આવ્યો.

"ચાલ," મેં મોલીને કહ્યું.

પછી હું બે મકાઈની કતારોની વચ્ચેની જગ્યામાં ચાલવા લાગી.

હું વળી નહીં, ફક્ત સીધી ચાલી.



હું સીધી રેખામાં ચાલતી રહી.

"એવું સમજ કે આ એક લાંબી સડક છે," મેં કહ્યું.

"વહેલા-મોડા આપણે એના અંત સુધી જરૂર પહોંચી જશું."

અને આખરે અમે પહોંચી ગયા!
મોલી અને મેં
એક-બીજાને આલિંગન આપ્યું.
પછી અમે ઉછળ-કૂદ કરવા લાગ્યા.
ભાઉ! ભાઉ! બુચ ભસ્યો.
"શું વાત છે," મોલીએ કહ્યું,
"તેં અમને બહાર કાઢ્યા."





જયારે અમે મોલીના ઘરે પાછા ફર્યા,
તો એની માઁ એ કહ્યું,
"છોકરીઓ, તમે ક્યાં હતા?
રાતના ભોજનનો સમય થઇ ગયો છે."
મોલીએ માતા-પિતાને આખી વાત કહી સંભળાવી,
કે કેવી રીતે એ બુચની પાછળ-પાછળ
મકાઈના ખેતરમાં ખોવાઇ ગયા હતા.
પછી મોલીએ મને ગળે લગાવી.



"હું બહુ જ ડરી ગઇ હતી,"
મોલીએ એમને કહ્યું.
"પણ બેથ જરાય ડરી ન હતી!
એનામાં શું હિમ્મત છે!"
હિમ્મત? મારામાં?
મને મારા કાનો પર વિશ્વાસ ન થયો.

રાતનું જમવાનું બહુ સ્વાદિષ્ટ હતું.
અમે આગ પર ભુટ્ટા શેક્યા.





ખાવા માટે ઘણા ભુટ્ટા હતા.

"અરે નહીં! આજે અમે

ઘણા ભુટ્ટા જોયા છે!"

મોલી અને હું એકસાથે જોરથી
બોલ્યા.

પણ તો પણ અમે બંનેએ

ત્રણ-ત્રણ ભુટ્ટા ખાધા.



સૂતા પહેલા
મને ઘરની થોડી યાદ જરૂર આવી.
મોલીની માઁ એ મને જોરથી ગળે લગાવી.
એનાથી મને બહુ સારું લાગ્યું.

પછી મોલીએ મને કહ્યું
કે હું એની સૌથી સારી સહેલી છું.
અમે અમારી ટચલી આંગળીઓના અંકોડા ભીડાવ્યા.
એનાથી પણ મદદ મળી.





કદાચ મોલી સાચી હતી.
કદાચ હું સાચે જ એક બહાદુર
હિમ્મતવાળી બાળકી છું!

મોલી બહુ બહાદુર હતી ,
પણ બેથ પોતાને
બહુ બીકણ માનતી હતી.
બેથ એની સહેલી મોલી જેટલી
બહાદુર કેમ ન હોઈ શકે?

બીજા કક્ષની બે છોકરીઓની
આ મજેદાર વાર્તામાં,
બેથને ખબર પડે છે
કે આખરે એનામાં પણ હિમ્મત હતી!